# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત ભદ્રાલા ગામમાં ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર , ગોધરા દ્વારા તાજેતરમાં શહેરા તાલુકાના ભદ્રાલા ગામે તારીખ ૩૦/૦૮/૨૦૧૬ ના રોજ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તાલીમ શિબિર યોજાઇ હતી.

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક મકાઇ છે. ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનાના ભાગરૂપે શહેરા તાલુકાના ભદ્રાલા ગામે આયોજીત તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૬૦ ઉપરાંત ખેડૂત ભાઇ બહેનો તથા ગામના સરપંચશ્રીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રો. કે.એચ.પટેલ , મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ સ્વીટકોર્ન , પોપકોર્ન અને બેબીકોર્ન જેવી મુલ્યવર્ધિત જાતોની ખેતી કરવા જણાવેલ હતું. તદઉપરાંત મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું તથા બાયોફર્ટીલાઇઝરનો ઉપયોગ દ્વારા રાસાયણિક ખાતર ઓછુ વાપરવા ભાર મુકેલ હતો. ડૉ.પીનાકીન પરમારે સીડવિલેજ અંગે ખ્યાલ આપી , શુધ્ધ બિયારણ તૈયાર કરવા માટેની વિગતો આપી હતી. ડૉ. ભરતભાઇ ઠક્કરે પ્રથમ હરોળના નિદર્શન અંગેની માહિતી આપી હતી. મકાઇમાં પાકસંરક્ષણ અંગેની માહિતી ડૉ.એસ.કે.સીંગ દ્વારા આપવામાં આવેલ હતી. શહેરા તાલુકાના ભદ્રાલા ગામમાં શિબિર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર , ગોધરાના ડૉ. ભરતભાઇ ઠક્કરે કરેલ હતું.







